Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 2
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25
Roll No. : ____________

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. 198 ની પહેલાંની સંખ્યા કઈ થાય ?
   A. 199 B. 196 C. 197 D. 200
2. 8ને ડૉટ્સ દ્વારા ........... સ્વરૂપે દર્શાવી શકાય.
   A. ત્રિકોણ B. ચોરસ C. લંબચોરસ D. વર્તુળ
3. 6 × (5 + 4) = (6 × 5) + (........... × 4)
   A. 4 B. 5 C. 6 D. 64

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

4. પછીની સંખ્યાનો સમાનાર્થી શબ્દ .......... છે.
5. ........... એ સરવાળાની તટસ્થ સંખ્યા છે.
6. સંખ્યારેખા ઉપર 1 ની જમણી બાજુએ ...... પ્રાકૃતિક સંખ્યાઓ છે.(100,1000,અસંખ્ય)

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

7. 1 માં શૂન્ય ઉમેરતા જવાબ 0 થાય.
8. પૂર્ણ સંખ્યા 90 એ 89 અને 91 ની વચ્ચે આવેલા છે.
9. દરેક પૂર્ણ સંખ્યા પ્રાકૃતિક સંખ્યા હોય છે.

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 4)**

10. કઈ સંખ્યાઓ લંબચોરસના રૂપમાં દર્શાવી શકાય છે ?
11. કઈ સંખ્યાઓ ચોરસના રૂપમાં દર્શાવી શકાય છે ?
12. સંખ્યાની પહેલાંની અને પછીની સંખ્યા મેળવો : 1
13. જો બે પૂર્ણ સંખ્યાઓનો ગુણાકાર શૂન્ય છે, તો શું આપણે કહી શકીએ છીએ કે આ સંખ્યાઓમાંથી એક કે બંને સંખ્યાઓ શૂન્ય હોવી જોઈએ ? ઉદાહરણ આપી ઉત્તર જણાવો.

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ)** **(Marks - 6)**

14. વિભાજનના ગુણધર્મનો ઉપયોગ કરી કિંમત શોધો : 5437 x 1001
15. કિંમત મેળવો : 54,279 x 92 + 8 x 54,279
16. સંખ્યા રેખાનો ઉપયોગ કરીને 9 - 6 નો બાદબાકી મેળવો.

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ)** **(Marks - 6)**

17. નીચે આપેલી સંખ્યાઓની જોડીમાંથી સંખ્યારેખા પર કઈ સંખ્યા ડાબી બાજુ આવશે અને કઈ સંખ્યા જમણી બાજુ આવશે તે જણાવો તથા તેમની વચ્ચે કયા ચિનોનો (<, >) ઉપયોગ થશે તે પણ જણાવો :( a ) 530, 503, ( b ) 370, 307, ( c ) 98,765; 56,789, ( 4 ) 98,30,435; 1,00,23,001
18. કોઈ દૂધવાળો એક હોટલમાં સવારે 32 લિટર દૂધ આપે છે અને સાંજે 68 લિટર દૂધ આપે છે. જો દૂધની કિંમત રૂ.45 પ્રતિ લિટર હોય, તો દૂધવાળાને રોજ કેટલી આવક થતી હશે ?

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 2

# ANSWERS

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. 197
2. લંબચોરસ
3. 6

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

4. પ્રતિવર્તી
5. 0
6. અસંખ્ય


**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

7. ખોટું (False)
8. ખરું (True)
9. ખોટું (False)

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 4)**

10. 4, 6, 8, 9, 10, 12, ... આ સંખ્યાઓ ગોળના રૂપમાં દર્શાવી શકાય છે.
11. 4, 9, 16, ... આ સંખ્યાઓ ચોરસના રૂપમાં દર્શાવી શકાય છે.
12. 1 ના પહેલાંની સંખ્યા = 1 - 1 = 0
    1 ના પછીની સંખ્યા = 1 + 1 = 2
13. કોઈ પણ સંખ્યાનો શૂન્ય સાથેનો ગુણાકાર શુન્ય જ થાય.
    જે બે પૂર્ણ સંખ્યાઓનો ગુણાકાર શૂન્ય હોય, તો એક સંખ્યા શૂન્ય હોવી જરૂરી છે.
    ઉદા. 0 x 1 = 0
    0 x 0 = 0
    0 x 100 = 0

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ)** **(Marks - 6)**

14. 5437 x 1001
    = 5437 x (1000 + 1)
    = (5437 x 1000) + (5437 x 1)
    = 54,37,000 + 5437
    = 54,42,437
15. 54,279 x 92 + 8 x 54,279
    = 54,279 x (92 + 8) (54,279 સામાન્ય લેતાં)
    = 54,279 x 100
    = 54,27,900
16. 

    અહી 9 માંથી 6 એકમ બાદ કરવા માટે આપણે 9 થી શરૂ કરી 6 એકમ ડાબી બાજુ જતાં 3 જવાબ મળે છે.
    તેથી 9 - 6 = 3

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ)** **(Marks - 6)**

BHAVDIP VADHER (E-LEARNING)

17. ( a ) 530, 503 સંખ્યારેખા પર 530 એ 503 ની જમણી બાજુ પર આવેલી સંખ્યા છે.
530 > 503 અથવા 503 < 530
( b ) 370, 307
સંખ્યારેખા પર 370 એ 307 ની જમણી બાજુ પર આવેલી સંખ્યા છે.
370 > 307 અથવા 307 < 370
( c ) 98,765; 56,789.
સંખ્યારેખા પર 98,765 એ 56,789 ની જમણી બાજુ પર આવેલી સંખ્યા છે.
98,765 > 56,789 અથવા 56,789 < 98,765
( d ) 98,30,435; 1,00,23,001
સંખ્યારેખા પર 1,00,23,001 એ 98,30,415 ની જમણી બાજુ પર આવેલી સંખ્યા છે.
1,00,23,001 > 98,30,415 અથવા 98,30,415 < 1,00,23,001

18. એક હોટલમાં , સવારે અપાતું દૂધ = 32 લિટર અને સાંજે અપાતું દુધ = 68 લિટર
દૂધની કિંમત = રૂ. 45 પ્રતિ લિટર
દૂધવાળાને રોજ થતી કુલ આવક = સવારની આવક + સાંજની આવક
= 32 x 45 + 68 x 45
= 45 x (32 + 68)
= 45 x 100
= રૂ. 4500
આમ, દૂધવાળાને રોજ રૂ.4500 ની આવક થતી હશે.

BHAVDIP VADHER (E-LEARNING)